www.marugujarat.in

# PES

This Question Booklet Contains 16 Printed Pages.

**A** પ્રશ્નપુસ્તિકા સીરીઝ

| | |
|---|---|
| સમય : 1 કલાક | Time : 1 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Ques. : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

**ઉમેદવારનો બેઠક નંબર**

સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.

## ઉમેદવારોને સૂચના

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E OMR ઉત્તરપત્રમાં આપેલ છે. તમારે બધાજ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. તમારે આ સાથે અલગ **OMR ઉત્તરપત્ર માંજ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ
(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET)માં**

(A) (B) ● (D) (E)

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C"નું વર્તુળ કાળું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ડાર્ક કરવા બાબતની સૂચના OMRની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(2) 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠેરાવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી ગુનાને પણ પાત્ર બનશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપુસ્તિકા ઉમેદવારને મળે કે તરત જ OMR ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક નંબર નીચે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનો રહેશે. તેમજ OMR ઉત્તરપત્રની સીરીઝ અને પ્રશ્નપત્રની સીરીઝ એકજ હોવાની ખાતરી કરી લેવાની રહેશે.

(5) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક, OMRની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી, એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 માઈનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ડાર્ક કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહિં.

(6) OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલુમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) OMR ઉત્તરપત્રના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. ઉમેદવારની સહી વિનાની OMR ઉત્તરપત્રવાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા પણ પગલાં લેવાશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી / કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**

(સાચા જવાબની સંખ્યા × 1 – {(ખોટા જવાબની સંખ્યા × 0.25) + (ખાલી છોડેલ જવાબની સંખ્યા × 0.25) + (છેકછાક કે એક કરતા વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા × 0.25)} = ઉમેદવારને પ્રાપ્ત થતાં ગુણ.

**પરીક્ષા પૂરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા તથા ફોજદારી પગલા લેવાને પણ પાત્ર થશે.**



WWW.MARUGUJARAT.IN

Downloaded from www.marugujarat.in

Scanned by Ca

www.marugujarat.in

1 આંતરરાષ્ટ્રિય ગાંધી શાંતિ પારિતોષિક કયા વર્ષથી શરૂ કરવામાં આવ્યું ?
(A) 1993
(B) 1996
(C) 1994
(D) 1995

2 નીચે આપેલ વાક્યમાંથી ખોટા પદપ્રત્યય શોધી વિકલ્પમાંથી સાચો પ્રત્યય જણાવો.
કાળુની ધોતિયામાં પેલી પોટલી ઉપરની નજર ઊંચકી .
(A) એ
(B) ની
(C) થી
(D) ઉપરોક્ત તમામ

3 વઢિયાર પંથકમાં વરાણાના મેળામાં કયા ઈષ્ટદેવના મહાત્મ્યના સંદર્ભમાં મેળો ભરાય છે ?
(A) બહુચર માતા
(B) રાંદલ માતા
(C) બુટભવાની માતા
(D) ખોડિયાર માતા

4 તાજેતરમાં યોજાયેલ લોકસભાની સામાન્ય ચૂંટણીઓ સાથે કયા રાજ્યની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવી ?
(A) તામિલનાડુ
(B) આંધ્રપ્રદેશ
(C) કેરળ
(D) ગુજરાત

5 નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો :

| | | | |
|---|---|---|---|
| (a) | World Poverty Eradication Day | (1) | 1 October |
| (b) | National Voluntary Blood Donation Day | (2) | 17 October |
| (c) | World Health Day | (3) | 8 September |
| (d) | World Literacy Day | (4) | 7 April |

(A) (c)-(4), (a)-(3), (b)-(2), (d)-(1)
(B) (d)-(2), (b)-(3), (c)-(1), (a)-(4)
(C) (a)-(2), (c)-(4), (d)-(3), (b)-(1)
(D) (b)-(4), (d)-(3), (a)-(1), (c)-(2)

6 વીર સાવરકર એરપોર્ટ ભારતના કયા શહેરમાં આવેલું છે ?
(A) કાંચી
(B) પોર્ટ બ્લેઅર
(C) કટક
(D) અગરતલા

7 કમ્પ્યૂટરમાં ઉપલબ્ધ ફાઈલ અને ફોલ્ડરને ડિલીટ કરવાથી તે રિસાઈકલ બિનમાં ન જાય પરંતુ કાયમ માટે દૂર થઈ જાય તે માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) Alt + Delete
(B) Shift + Delete
(C) Tab + Delete
(D) Ctrl + Delete



Downloaded from www.marugujarat.in
Scanned by CamScanner

8 Match offsprings of animals :

(1) Ass (a) colt/filly
(2) Hare (b) foal
(3) Stag (c) fawn
(4) Horse (d) leveret

(A) (1)-(a), (2)-(b), (3)-(c), (4)-(d)
(B) (1)-(d), (2)-(b), (3)-(a), (4)-(c)
(C) (1)-(b), (2)-(c), (3)-(a), (4)-(d)
(D) (1)-(b), (2)-(d), (3)-(c), (4)-(a)

9 ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમયોગીઓનાં બાળકોને ભણવામાં ઉત્સાહ ઉમંગ વધે તે માટે ધો. 12માં નક્કી કરેલ પર્સેન્ટાઈલથી ઉત્તીર્ણ થનાર બાળકોને કેટલો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે ?

(A) રૂ. 2,500/-
(B) રૂ. 5,000/-
(C) રૂ. 3,000/-
(D) રૂ. 4,000/-

10 બે અંકોની એક સંખ્યાના અંકોના સ્થાન અદલ-બદલ કરતા મળતી સંખ્યા મૂળ સંખ્યાની 5/6 જેટલી બને છે. મૂળ સંખ્યાના અંકોનો તફાવત 1 છે. તો સંખ્યા શોધો.

(A) 98
(B) 89
(C) 54
(D) 45

11 ઈ.સ. 1484માં પતાઈ રાવળને હરાવી કોણે પાવાગઢ કબજે કર્યો ?

(A) સુલતાન અહમદશાહ
(B) અલ્લાઉદ્દીન ખિલજી
(C) મહંમદ બેગડો
(D) ઔરંગઝેબ

12 આ રાજ્યને વિશેષ રાજ્યનો દરજ્જો (Special State of India) આપવામાં આવ્યો નથી.

(A) ઝારખંડ
(B) આસામ
(C) ત્રિપુરા
(D) ઉત્તરાખંડ

13 નીચે આપેલ રેખાંકિત પદના કૃદંતનો પ્રકાર જણાવો.
<u>સાંભળનાર</u> કોઈ હતું જ નહીં.

(A) ભૂતકૃદંત
(B) ભવિષ્યકૃદંત
(C) વર્તમાનકૃદંત
(D) હેત્વર્થકૃદંત

14 'NABARD'નું પૂરું નામ જણાવો.

(A) National Associate Bank for Agricultural and Rural Development
(B) National Associate Bank of Agriculture and Rural Development
(C) National Bank for Agriculture and Rural Development
(D) Nationalized Bank of Agricultural and Rural Development



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

15 લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની સોગંદવિધિ કોણ કરાવે છે ?
(A) રાષ્ટ્રપતિશ્રી
(B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
(C) વડાપ્રધાનશ્રી
(D) સોગંદવિધિ થતી નથી

16 દૂધ એ વિક્ષેપિત કલા પ્રવાહી અને વિક્ષેપન માધ્યમ પ્રવાહી હોય તેવા કલિલ પ્રકાર ________નું ઉદાહરણ છે.
(A) ફીણ
(B) જેલ
(C) સોલ
(D) ઈમલ્શન

17 ગુજરાત રાજ્યના વર્ષ 2019-20ના અંદાજપત્રમાં રાજ્યના ખેડૂતો માટે ગુણવત્તાયુક્ત શાકભાજીના ધરુ તૈયાર કરવા કયા ત્રણ જિલ્લામાં નવા ત્રણ સેન્ટર ઑફ એક્સલન્સ સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અરવલ્લી, પંચમહાલ, નર્મદા
(B) દાહોદ, વાપી, વલસાડ
(C) ભાવનગર, મહેસાણા, આણંદ
(D) જામનગર, ભરૂચ, સાબરકાંઠા

18 1 ઇલેક્ટ્રોનનું દળ = ________ g. (આશરે)
(A) $9.109 \times 10^{-28}$
(B) $6.24 \times 10^{-23}$
(C) $9.109 \times 10^{-31}$
(D) $6.022 \times 10^{23}$

19 કયા સ્તરમાં ઓઝોનનું વિઘટન થાય છે ?
(A) ટ્રાયોસ્ફિયર
(B) સ્ટ્રેટોસ્ફિયર
(C) મેસોસ્ફિયર
(D) આયનોસ્ફિયર

20 ગાંધીજીએ આઝાદીના સંગ્રામ સમયે તીનકઠિયા માટેનું આંદોલન કયા રાજ્યમાં ચલાવ્યું હતું ?
(A) બિહાર
(B) ઓરિસ્સા
(C) પંજાબ
(D) ઉત્તર પ્રદેશ

21 "રાજ્યપાલ (ગવર્નર) બીજો કોઈ લાભદાયક હોદ્દો ધરાવી શકશે નહીં." એ જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવેલ છે ?
(A) 156(1)
(B) 158(2)
(C) 158(5)
(D) 157(7)

22 મધ્ય પ્રદેશમાં આવેલ ગાંધીસાગર બંધ કઈ નદી ઉપર બાંધવામાં આવેલ છે ?
(A) નર્મદા નદી
(B) સન નદી
(C) ચંબલ નદી
(D) તાંવા નદી



Downloaded from www.marugujarat.in
Scanned by CamScanner

www.marugujarat.in

23 સાહિત્યિક-દિવાકર નરસિંહરાવ દિવેટિયા ખેડા જિલ્લામાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમાયા હતા. 1912માં તેમણે સરકારી નોકરીમાંથી નિવૃત્તિ લીધી. તેમના લેખન દ્વારા તેઓ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તેમની શ્રેષ્ઠ કૃતિઓમાંની એક કૃતિ એટલે .......

(A) પ્રાણવિનિમય
(B) ભક્તિ પોષણ
(C) નૂપુરઝંકાર
(D) તત્વાર્થસૂત્ર

24 ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની જોગવાઈઓ અનુસાર કોઈ વ્યક્તિ અથવા સંસ્થાને સ્પર્શતા ગ્રામ પંચાયતના કોઈ હુકમ અથવા નિર્ણય વિરુદ્ધ કોની સમક્ષ અપીલ કરી શકાશે ?

(A) તાલુકા પંચાયતને
(B) વિકાસ અધિકારીને
(C) વિકાસ કમિશનરને
(D) જિલ્લા પંચાયતને

25 આ રાજ્યની કોઈ પણ હદને દરિયાકિનારો સ્પર્શતો નથી ?

(A) તામિલનાડુ
(B) તેલંગણા
(C) કેરલ
(D) આંધ્રપ્રદેશ

26 બ્રહ્માજી સ્ટેપવેલ (વાવ) ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે ?

(A) સાબરકાંઠા
(B) મહેસાણા
(C) પાટણ
(D) બનાસકાંઠા

27 નીચેનામાંથી કયો વિકલ્પ 'પાવર'નો એકમ નથી ?

(A) જુલ/સેકન્ડ
(B) જુલ
(C) વૉટ
(D) હોર્સપાવર

28 ગુજરાત સરકારમાં નાગરિક પુરવઠા વિભાગનો હવાલો સંભાળતા મંત્રીનું નામ જણાવો.

(A) ગણપતભાઈ વસાવા
(B) જવાહરભાઈ ચાવડા
(C) જયેશભાઈ રાદડીયા
(D) બાવકુભાઈ ઉઘાડ

29 એશિયન ગેમ્સ - 2022નું આયોજન કયા દેશમાં કરવામાં આવનાર છે ?

(A) જર્મની
(B) ઑસ્ટ્રેલિયા
(C) પોલેન્ડ
(D) ચીન

30 ગુજરાત રાજ્યમાં આવેલ ખેડા જિલ્લાને કયા તમામ (ચારેય) જિલ્લાઓની હદ સ્પર્શે છે ?

(A) અમદાવાદ જિલ્લો, છોટા ઉદેપુર જિલ્લો, અરાવલી જિલ્લો, ભરૂચ જિલ્લો
(B) પંચમહાલ જિલ્લો, અરાવલી જિલ્લો, ગાંધીનગર જિલ્લો, મહીસાગર જિલ્લો
(C) છોટા ઉદેપુર જિલ્લો, આણંદ જિલ્લો, પંચમહાલ જિલ્લો, ગાંધીનગર જિલ્લો
(D) વડોદરા જિલ્લો, મહીસાગર જિલ્લો, તાપી જિલ્લો, અમદાવાદ જિલ્લો


Downloaded from www.marugujarat.in

[ Contd...

www.marugujarat.in

31 'વિશ્વ યોગ દિવસ' ઉજવવા અંગેનો નિર્ણય યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભામાં ક્યારે જાહેર કરવામાં આવ્યો ?

(A) 23 સપ્ટેમ્બર, 2014
(B) 22 જૂન, 2014
(C) 11 ડિસેમ્બર, 2014
(D) 21 એપ્રિલ, 2014

32 C, C++, JAVA, COBOL કયા પ્રકારની કમ્પ્યૂટર ભાષાના ઉદાહરણ છે ?

(A) એસેમ્બલી લૅંગ્વેજ
(B) મશીન લૅંગ્વેજ
(C) હાયર લેવલ લૅંગ્વેજ
(D) યુઝર લેવલ લૅંગ્વેજ

33 યુનેસ્કો દ્વારા ગુજરાત રાજ્યમાં કયા કયા સ્થાનોનો વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે ?

(A) રાણકી વાવ - પાટણ, અમદાવાદ શહેર, ચાંપાનેર - પાવાગઢ આર્કીયોલોજિકલ પાર્ક
(B) ઘુડખર અભયારણ્ય - કચ્છ, આર્કીયોલોજિકલ સ્થાપત્યો - લોથલ, અમદાવાદ શહેર
(C) આર્કીયોલોજિકલ સ્થાપત્યો - લોથલ, અમદાવાદ શહેર, ચાંપાનેર - પાવાગઢ આર્કીયોલોજિકલ પાર્ક
(D) અમદાવાદ શહેર, ઘુડખર અભયારણ્ય - કચ્છ, રાણકી વાવ - પાટણ

34 તાજેતરમાં યોજાયેલ લોકસભાની સામાન્ય ચૂંટણીઓ સાથે કયા રાજ્યની વિધાનસભાની પેટા ચૂંટણીઓ યોજવામાં આવી ?

(A) પોંડીચેરી
(B) કર્ણાટક
(C) તેલંગણા
(D) આંધ્રપ્રદેશ

35 સુપ્રસિદ્ધ 'જોગીડાની ગુફા' કયા વિસ્તારમાં આવેલ છે ?

(A) લુણાવાડા
(B) બાલાસિનોર
(C) તારંગા
(D) મોડાસા

36 કર્ણાટકના વર્તમાન સ્પીકરનું નામ જણાવો.

(A) વી. વેંકટપ્પા
(B) રમેશ કુમાર
(C) એસ. આર. કાંતી
(D) એસ. ડી. કોટવલે

37 ભારતમાં 'એગ્રિકલ્ચર એજ્યુકેશન ડે' કયા મહાનુભાવની યાદમાં મનાવવામાં આવે છે ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(B) સી. રાજગોપાલાચારી
(C) બાબુ જગજીવનરામ
(D) સર્વપલ્લી રાધાકૃષ્ણન

38 ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજના અંતર્ગત સ્વરોજગારલક્ષી યોજનાઓ અન્વયે કરિયાણાની દુકાન, મેડિકલ સ્ટોર વગેરે વ્યવસાય માટે વધુમાં વધુ કેટલા રૂપિયાની લોન મળવાપાત્ર છે ?

(A) રૂ. 7.50 લાખ
(B) રૂ. 5.00 લાખ
(C) રૂ. 10.00 લાખ
(D) રૂ. 12.00 લાખ


Downloaded from www.marugujarat.in
WWW.MARUGUJARAT.IN
Scanned by CamScanner

39 બે ચોરસના ક્ષેત્રફળનો ગુણોત્તર 225 : 256 છે, તો તેમની પરિમિતિનો ગુણોત્તર કેટલો થાય ?

(A) 15 : 16
(B) 16 : 15
(C) 225 : 256
(D) 256 : 225

40 ભારતના સૌપ્રથમ નિયંત્રક અને મહાલેખા-પરીક્ષક (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ)નું નામ જણાવો.

(A) શશીકાન્ત શર્મા
(B) વી. કે. શુંગ્લુ
(C) વિનોદ રાય
(D) વી. એન. કૌલ

41 રોહા ફોર્ટ (કિલ્લો) ગુજરાતના કયા તાલુકામાં આવેલ છે ?

(A) ભચાઉ
(B) નખત્રાણા
(C) મુંદ્રા
(D) અબડાસા

42 નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો :

(a) જાપાન — (1) દિનાર
(b) કુવૈત — (2) દીરહામ
(c) બ્રાઝિલ — (3) યેન
(d) દુબઈ — (4) રીયલ

(A) (b)-(2), (a)-(4), (c)-(1), (d)-(3)
(B) (d)-(4), (a)-(2), (b)-(1), (c)-(3)
(C) (a)-(1), (d)-(3), (c)-(4), (b)-(2)
(D) (c)-(4), (b)-(1), (a)-(3), (d)-(2)

43 લોકવાયકા મુજબ કચ્છના કયા પ્રસિદ્ધ સંતની કથા મોતીયો નામના કૂતરા અને લાલીયો નામના ગધેડા સાથે વણાયેલ છે ?

(A) મેકરણ દાદા
(B) સંત હાજીપીર
(C) સંત કરોલ પીર
(D) સંત રોહીદાસ

44 ગુજરાત સરકાર દ્વારા વન મહોત્સવ અંતર્ગત 'ગોવિંદ ગુરુ સ્મૃતિ વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે ?

(A) ચોટીલા
(B) પાલીતાણા
(C) માનગઢ
(D) વહેરાખડી

45 મહારાજા જયસિંહ દ્વારા બનાવવામાં આવેલ કિલ્લાના નિર્માણ સમયે કુશળ કારીગર હીરા કડિયાની જીવનગાથા પ્રચલિત છે. આ કિલ્લાનું સ્થળ જણાવો.

(A) લુણાવાડા
(B) સિદ્ધપુર
(C) જૂનાગઢ
(D) ડભોઈ



Downloaded from www.marugujarat.in

WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner

www.marugujarat.in

46 પૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામને કયા વર્ષમાં ભારત રત્ન એવોર્ડ દ્વારા નવાજવામાં આવ્યા ?

(A) 1992
(B) 1987
(C) 1990
(D) 1997

47 કયા વર્ષ બાદ સૌરાષ્ટ્રને મુંબઈ રાજ્ય સાથે ભેળવી દેવામાં આવ્યું ?

(A) 1954
(B) 1956
(C) 1957
(D) 1955

48 છત્તીસગઢ રાજ્યની હદને આ રાજ્યની હદ સ્પર્શતી નથી.

(A) ઝારખંડ
(B) ઓરિસ્સા
(C) આંધ્રપ્રદેશ
(D) બિહાર

49 ભારતમાં આગામી કયા વર્ષમાં જી-20 સમિટ યોજાનાર છે ?

(A) 2023
(B) 2020
(C) 2022
(D) 2021

50 તાજેતરમાં કિર્ગિસ્તાન ખાતે મળેલી એસ.સી.ઓ. સમિટ સ્થળનું નામ જણાવો.

(A) અલા ઈસ્માઈલી સ્ટેટ રેસિડેન્સ
(B) અલ હબીબ સ્ટેટ રેસિડેન્સ
(C) અલા અરચા સ્ટેટ રેસિડેન્સ
(D) આલા અર્શના સ્ટેટ રેસિડેન્સ

51 Find abstract noun of the following from the options given.

vain

(A) vainism
(B) vainity
(C) vanity
(D) vainsion

52 'કર્મભૂમિ' કોના સમાધિસ્થળ તરીકે ઓળખાય છે ?

(A) શંકર દયાલ શર્મા
(B) ચંદ્રશેખર
(C) દેવીલાલ
(D) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

53 કાયાવરોહણ ખાતે આવેલ પ્રસિદ્ધ ધાર્મિક મંદિરનું નામ જણાવો.

(A) અંગારેશ્વર મહાદેવ
(B) શુલપાણેશ્વર મહાદેવ
(C) ભીમનાથ મહાદેવ
(D) કર્ણમુક્તેશ્વર મહાદેવ

54 ભારતીય સંવિધાનના કાયદાના આર્ટિકલ - 80(ક)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રાજ્યસભાની રાજ્યોના પ્રતિનિધિઓની મહત્તમ સભ્ય સંખ્યા કેટલી હોય છે ?

(A) 230
(B) 247
(C) 242
(D) 238

Downloaded from www.marugujarat.in

Scanned by CamScanner

www.marugujarat.in

55 રમતો અને રમતોમાં ઉત્કૃષ્ટ કોચ માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવતો દ્રોણાચાર્ય એવોર્ડ કયા વર્ષથી શરૂ કરવામાં આવેલ છે ?

(A) 1990
(B) 1988
(C) 1987
(D) 1985

56 ગુજરાત સરકારની ઉચ્ચ શિક્ષણ માટે સહાય અંગેની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MSMY) અંતર્ગત સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે એમ.બી.બી.એસ.ની વિદ્યાર્થિનીઓને મળતી ટ્યૂશન ફી સહાય ઉપરાંત મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી કેટલી મહત્તમ મર્યાદા સુધીની સહાય આપવામાં આવે છે ?

(A) રૂ. 2.00 લાખ
(B) રૂ. 2.50 લાખ
(C) રૂ. 3.00 લાખ
(D) રૂ. 4.00 લાખ

57 નાગરહોલ નેશનલ પાર્ક ભારતના કયા રાજ્યમાં આવેલ છે ?

(A) કર્ણાટક
(B) મધ્ય પ્રદેશ
(C) ઝારખંડ
(D) ઉત્તર પ્રદેશ

58 યોગ્ય જોડકાં જોડો.

| | |
|---|---|
| (1) વેગમાન | (a) બળ × બળની દિશામાં સ્થાનાન્તર |
| (2) બળ | (b) બળ × સમયનો અંતરાલ |
| (3) બળનો આઘાત | (c) દળ × પ્રવેગ |
| (4) કાર્ય | (d) દળ × વેગ |

(A) (1)-(a), (2)-(b), (3)-(c), (4)-(d)
(B) (1)-(d), (2)-(c), (3)-(b), (4)-(a)
(C) (1)-(d), (2)-(c), (3)-(a), (4)-(b)
(D) (1)-(b), (2)-(a), (3)-(d), (4)-(c)

59 એક સર્વેમાં 10 વ્યક્તિના વજન માપવામાં આવે છે. પહેલા 4 વ્યક્તિના વજન માપવામાં આવે છે અને તેની સરેરાશ 65 kg. મળે છે. પણ જાણવા મળ્યું કે વજન કાંટો ક્ષતિયુક્ત હોઈ પહેલેથી વ્યક્તિનું વજન 5 kg. વધારે દેખાડે છે. આથી હવે વજનકાંટો ક્ષતિ વગરનો લેતા બાકીના 6 વ્યક્તિના વજનની સરેરાશ 50 મળે છે. તો સાચી સરેરાશ કેટલી ?

(A) 60
(B) 40
(C) 54
(D) 56

60 ગુજરાત સરકાર દ્વારા સૌપ્રથમ 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' કોને એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
(B) ઉમાશંકર જોશી
(C) પન્નાલાલ પટેલ
(D) સુંદરમ્



Downloaded from www.marugujarat.in

Scanned by CamScanner

61 'NEERI'નું પૂરું નામ જણાવો.
(A) National Environmental Engineering Research Institute
(B) National Environmental Education and Research Institute
(C) National Economical Environmental Research Institute
(D) National Educational Environment and Research Institute

62 ઉમાશંકર જોશીની કૃતિનું નામ જણાવો.
(A) વ્હાલના વલખાં
(B) સાક્ષરજીવન
(C) પાવન પ્રસંગો
(D) આતિથ્ય

63 નીચે આપેલ શબ્દનો સમાસ ઓળખાવો.
પ્રપાતસંગીત
(A) મધ્યમપદલોપી
(B) તત્પુરુષ
(C) કર્મધારય
(D) ઉપપદ

64 કમ્પ્યૂટરના સંદર્ભમાં BIOSનું પૂરું નામ શું છે ?
(A) Basic Input Output System
(B) Basic Input Output Storage
(C) Basic Input Output Section
(D) Basic Input Output Source

65 બીરસા મુંડા એથલેટિક સ્ટેડિયમ કયા રાજ્યમાં આવેલ છે ?
(A) ઝારખંડ
(B) બિહાર
(C) ઓરિસ્સા
(D) છત્તીસગઢ

66 આપણા દાંતનું સફેદ ઈનેમલ એ ______ છે.
(A) $Ca_3(PO_4)_2$
(B) $CaCl_2$
(C) $CaF_2$
(D) $CaBr_2$

67 પાવાગઢ ઉપર મહાકાળી મંદિર ઉપરાંત કોની દરગાહ આવેલી છે ?
(A) જમિયલશાહ પીરની દરગાહ
(B) ભાથોર પીરની દરગાહ
(C) ગેબનશાહ પીરની દરગાહ
(D) સદનશાહ પીરની દરગાહ



Downloaded from www.marugujarat.in
WWW.MARUGUJARAT.IN
Scanned by CamScanner

www.marugujarat.in

68 દ્વારકાધીશના અનન્ય ભક્ત બોડાણાનું મૂળ નામ કયું હતું ?

(A) વિજયસિંહ ઠાકોર
(B) ગોકુલનાથ
(C) સિદ્ધસેન દિવાકર
(D) હરિદાસ

69 1853માં જમશેદજી દ્વારા પહેલવહેલી છોકરીઓની નિશાળ શરૂ કરવામાં આવી. આ સ્થળનું નામ જણાવો.

(A) નવસારી
(B) સુરત
(C) ખંભાત
(D) ભરૂચ

70 જૂન-2019માં તેલંગણા ખાતે વિશ્વની વિશાળતમ મલ્ટી-સ્ટેજ લિફ્ટ સિંચાઈ યોજનાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ યોજનાનું નામ જણાવો.

(A) રામેશ્વરમ્
(B) ગરૂડેશ્વરમ્
(C) સિદ્ધેશ્વરમ્
(D) કાલેશ્વરમ્

71 Select opposite gender of the following.
Hart

(A) roe
(B) harty
(C) hen
(D) hartess

72 ગુજરાત રાજ્યના વર્ષ 2019-20ના અંદાજપત્ર અંતર્ગત રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરતા દબાણથી મળી રહે તે માટે કઈ યોજના અમલમાં મૂકેલ છે ?

(A) કિસાન ઊર્જાશક્તિ યોજના
(B) કિસાન સંપૂર્ણ વીજશક્તિ યોજના
(C) કિસાનલક્ષી ઊર્જાશક્તિ યોજના
(D) કિસાન હિત ઊર્જાશક્તિ યોજના

73 ક્રિકેટ વર્લ્ડ કપ - 2019ની અફઘાનિસ્તાનની ટીમના કેપ્ટનનું નામ જણાવો.

(A) હમીદ હસન
(B) અસગર અફઘાન
(C) ગુલબદીન નઈબ
(D) મોહમ્મદ નબી

74 ટોલ્સટોયના કયા પુસ્તકથી ગાંધીજીના જીવનમાં ઊંડી છાપ પડી ?

(A) વૈકુંઠ તારા હૃદયમાં છે
(B) બાઈબલનો નવો અર્થ
(C) ઉત્તમ માર્ગ
(D) અનટુ ધીસ લાસ્ટ

75 ગુજરાત રાજ્યના સૌ પ્રથમ મુખ્યમંત્રીશ્રી જીવરાજ મહેતાનું પૂરું નામ જણાવો.

(A) જીવરાજ નરસિંહભાઈ મહેતા
(B) જીવરાજ પરબત મહેતા
(C) જીવરાજ આનંદશંકર મહેતા
(D) જીવરાજ નારાયણ મહેતા


Downloaded from www.marugujarat.in
Scanned by CamScanner

www.marugujarat.in

76 નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) ઉમાશંકર જોષી | (1) દર્શક |
| (b) હરજી દામાણી | (2) વાસુકી |
| (c) મનુભાઈ પંચોળી | (3) શયદા |
| (d) ગૌરીશંકર જોષી | (4) ધૂમકેતુ |

(A) (a)-(4), (b)-(3), (c)-(2), (d)-(1)
(B) (b)-(1), (c)-(3), (d)-(2), (a)-(4)
(C) (d)-(4), (a)-(2), (b)-(3), (c)-(1)
(D) (c)-(4), (d)-(3), (a)-(2), (b)-(1)

77 એક ધાતુના ફોસ્ફેટ સંયોજનનું અણુસૂત્ર $MPO_4$ છે, તો તે ધાતુના નાઈટ્રેટ સંયોજનનું અણુસૂત્ર __________ થાય.

(A) $MNO_3$
(B) $M_2(NO_3)_2$
(C) $M(NO_3)_2$
(D) $M(NO_3)_3$

78 નીચે આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો.

કશિશ

(A) સંમોહન
(B) નસીબ
(C) ઉપહાર
(D) પ્રયાસ

79 ગુજરાત સરકારની ઉચ્ચ શિક્ષણ માટે સહાય અંગેની યોજનાઓ અંતર્ગત 'માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMMS) અન્વયે' રાજ્યની સરકારી/ગ્રાન્ટેડ સંસ્થાઓ જેવી કે સાયન્સ, કોમર્સ, આર્ટ્સમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને મેરિટના આધારે કેટલી રકમ સુધીની ટ્યૂશન ફી મળવાપાત્ર છે ?

(A) રૂ. 12,000/-
(B) રૂ. 15,000/-
(C) રૂ. 10,000/-
(D) રૂ. 18,000/-

80 જમીન મહેસૂલ અંગે એંડરસનના બનાવેલા નિયમો - બોમ્બે લેન્ડ રેવન્યુ રૂલ્સ - 1921ની સામે નવા નિયમો ક્યારથી લાગુ કરવામાં આવ્યા છે ?

(A) 1967
(B) 1965
(C) 1970
(D) 1972



Downloaded from www.marugujarat.in

Scanned by CamScanner

www.marugujarat.in

81 ભારતની કેન્દ્ર સરકારના પંચાયતી રાજ વિભાગનો હવાલો સંભાળતા મંત્રીનું નામ જણાવો.
(A) આર. કે. સિંઘ
(B) પીયુષ ગોયલ
(C) રાવ ઈન્દ્રજિતસિંઘ
(D) નરેન્દ્રસિંઘ તોમર

82 વાતાવરણમાં $CO_2$ નીચે પૈકી કયા કિરણોને શોષે છે ?
(A) ટૂંકી તરંગલંબાઈ ધરાવતાં IR
(B) લાંબી તરંગલંબાઈ ધરાવતાં IR
(C) ટૂંકી તરંગલંબાઈ ધરાવતાં UV
(D) લાંબી તરંગલંબાઈ ધરાવતાં UV

83 ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની જોગવાઈઓ અનુસાર લોકશિક્ષણની દૃષ્ટિએ સંસ્કાર કાર્યક્રમો યોજવા બાબતની ફરજ કોની છે ?
(A) તાલુકા પંચાયતોની
(B) જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની
(C) ગ્રામ પંચાયતોની
(D) જિલ્લા પંચાયતોની

84 'મેરાયો'નું લોકનૃત્ય કયા વિસ્તારના લોકમેળામાં જોવા મળે છે ?
(A) બનાસકાંઠાના વાવ તાલુકામાં
(B) જાફરાબાદ પાસે જંબુસર ગામે
(C) સાબરકાંઠા અને પંચમહાલ વિસ્તારમાં
(D) સુરેન્દ્રનગર જિલ્લામાં તરણેતર ગામમાં

85 એક નાવ નદીના પ્રવાહ સાથે 50 કિમી/કલાકની ઝડપે ગતિ કરે છે અને સામા પ્રવાહે 40 કિમી/કલાકની ઝડપે ગતિ કરે છે. તો શાંત પાણીમાં નાવની ઝડપ અને પ્રવાહની ઝડપ શું હશે ?
(A) 7.5 કિમી/કલાક
(B) 5 કિમી/કલાક
(C) 8 કિમી/કલાક
(D) 7 કિમી/કલાક

86 તામિલનાડુના પ્રચલિત લોકનૃત્યનું નામ જણાવો.
(A) કોલટ્ટમ
(B) પનિહારી
(C) ડાગલો
(D) કુરદીશ

87 યોગ્ય જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| (a) | ખાનપુર | (1) | બનાસકાંઠા |
| (b) | ભાણવડ | (2) | દેવભૂમિ દ્વારકા |
| (c) | પારડી | (3) | મહીસાગર |
| (d) | ભાભર | (4) | વલસાડ |

(A) (a)-(3), (c)-(4), (d)-(2), (b)-(1)
(B) (c)-(4), (a)-(3), (d)-(1), (b)-(2)
(C) (b)-(4), (a)-(3), (c)-(2), (d)-(1)
(D) (d)-(1), (a)-(4), (b)-(2), (c)-(3)



Downloaded from www.marugujarat.in

Scanned by CamScanner

www.marugujarat.in

88 'પીઠે પાંગર્યો પીપળો' નવલકથાના સર્જકનું નામ જણાવો.

(A) દિલીપ રાણપુરા
(B) મુકુન્દરાય પરાશર્ય
(C) આનંદશંકર ધ્રુવ
(D) મૂકેશ જોશી

89 નીચે આપેલ શબ્દનો સાચો વિરોધી શબ્દ જણાવો.

પૂર્વગ

(A) પશ્ચિમ
(B) પૂર્વજ
(C) અનુષંગ
(D) અનુગ

90 Find the correct spelling of the word for 'Nonelective government officials'

(A) Buroucracy
(B) Bureaucrecy
(C) Buraucracy
(D) Bureaucracy

91 કમ્પ્યૂટરના કયા ભાગ પર RAMને જોડવામાં આવે છે ?

(A) મધર બોર્ડ
(B) હાર્ડવેર બોર્ડ
(C) મેમરી બોર્ડ
(D) નેટવર્ક બોર્ડ

92 ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં ખુલ્લી મુકાયેલ 'સૌની' યોજનાનું નામ જણાવો.

(A) સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન યોજના
(B) સૌરાષ્ટ્ર નર્મદા નદી અવતરણ ઈરિગેશન યોજના
(C) સૌરાષ્ટ્ર નર્મદા અવરોહણ ઈરિગેશન યોજના
(D) સૌરાષ્ટ્ર નર્મદા નીર અવતરણ ઈરિગેશન યોજના

93 ભારતીય બંધારણ, 1950 અન્વયેના અનુચ્છેદની જોગવાઈઓને આધીન રહીને, સંઘને એક લોકસેવા આયોગ અને દરેક રાજ્યને એક લોકસેવા આયોગ રહેશે. આ જોગવાઈ કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ - 315
(B) અનુચ્છેદ - 316
(C) અનુચ્છેદ - 317
(D) અનુચ્છેદ - 318

94 ધાતુના બ્લોકમાં રહેલી તિરાડો તથા અન્ય ખામીઓ શોધવામાં __________ ધ્વનિનો ઉપયોગ થાય છે.

(A) અવશ્રાવ્ય
(B) પરાશ્રાવ્ય
(C) શ્રાવ્ય
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં


Downloaded from www.marugujarat.in
WWW.MARUGUJARAT.IN

www.marugujarat.in

95 શિલ્પા 20 ટકા નફો લઈને મીનાને ઘડિયાળ આપે છે, પરંતુ મીના 10 ટકા ખોટ ખાઈને કિંજલને રૂ. 216માં ઘડિયાળ આપે તો શિલ્પાએ કેટલામાં ઘડિયાળ ખરીદી હશે ?

(A) રૂ. 180
(B) રૂ. 200
(C) રૂ. 140
(D) રૂ. 160

96 ન્યુ દિલ્હી સ્થિત શિક્ષણ સંસ્થા 'IGNOU'નું પૂરું નામ જણાવો.

(A) Indira Gandhi Nations Open University
(B) Indira Gandhi's National Open University
(C) Indira Gandhi Nation's Open University
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

97 નીચે આપેલ વાક્યના છંદનો પ્રકાર જણાવો.
ના તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો

(A) સવૈયા
(B) સ્ત્રગ્ધરા
(C) શાર્દૂલવિક્રીડિત
(D) હરિગીત

98 તાજેતરમાં મહારાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે એક ડેમની નિષ્ફળતાને કારણે સર્જાયેલ પૂરના પરિણામે 15-20 નાગરિકો મૃત્યુ પામ્યા. આ ડેમનું નામ જણાવો.

(A) તિવારે ડેમ
(B) કોયના ડેમ
(C) ઈસપૂર ડેમ
(D) કસારસાઈ ડેમ

99 ભારતમાં તામ્ર-કાંસ્યયુગની વિવિધ નગર-સંસ્કૃતિઓનાં કેટલાંક સ્થાન મળ્યાં છે, તેમાં સિંધુ પ્રદેશમાં હરપ્પા, મોહેંજો-દડો વગેરે સ્થળોએ મળેલી હરપ્પીય સંસ્કૃતિ સિંધુખીણની સભ્યતા તરીકે સુપ્રસિદ્ધ છે. ગુજરાતમાં એ સંસ્કૃતિના અવશેષ પહેલાવહેલા કયા જિલ્લામાંથી પ્રાપ્ત થયા હતા ?

(A) સુરેન્દ્રનગર જિલ્લો
(B) ભાવનગર જિલ્લો
(C) જૂનાગઢ જિલ્લો
(D) અમદાવાદ જિલ્લો

100 ભારતમાં સૌ પ્રથમ વખત 1962માં સ્પેસ રીસર્ચ (Space Research)ની સ્થાપના કયા નામથી કરવામાં આવી હતી ?

(A) ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન કમિટી
(B) ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન
(C) ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રીસર્ચ
(D) સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા

[ Contd...



Downloaded from www.marugujarat.in